# બહેનના અસહ્ય ત્રાસથી ભાઈ ઝેરી દવા પીવા મજબુર બન્યો

### મોડાસાના સર્વોદય નગર વિસ્તારમાં ભાઈનું મકાન તોડી પાડવાની ધમકી આપતી હતી

ભાઈ બહેનના અતૂટ પ્રેમનું બંધન એટલે રક્ષા બંધનના તહેવારને ગણતરીના દિવસો બાકી છે ત્યારે એક બહેને તેના ભાઈને અસહ્ય માનસીક ત્રાસ આપતા ભાઈ ઝેરી દવા ગટગટાવવા મજબુર બન્યો હોવાની ઘટના મોડાસા શહેરમાં બનતા ભારે ચકચાર મચી છે મોડાસા શહેરના સર્વોદય નગર (ડુંગરી) વિસ્તારમાં એક શ્રમીક યુવકને તેની બહેને યુવકના ઘરને તોડી પાડવાની અને કેસ કરવાની સતત ધમકી આપતા બહેના અસહ્ય બનેલા માનશીક ત્રાસથી ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતા અફડાતફડી મચી હતી યુવકને તેના પરિવારજનોએ તાબડતોડ સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો હાલ યુવકની સ્થીતી ગંભીર હોવાથી પરિવારજનોએ રોકોકકળ કરી મૂકી હતી બહેનની



કાળી કરતૂત સામે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

છેલ્લા કેટલાક સમયની વાત કરીએ તો ઘરેલુ હિંસાના કેસો દિવસેને દિવસે વધી રહ્યા છે. પરિણામે અનેક લોકોએ મજબૂરીમાં પોતાની જિંદગી ટૂંકાવી દેવા મજબુર બનતા હોવાના કિસ્સામાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે મોડાસા શહેરના સર્વોદય નગર વિસ્તારમાં શ્રમજીવી જગદીશ રમણભાઈ વાઘેલા તેમના પરીવાર સાથે રહે છે સરકાર તરફથી મકાનની સહાય મંજુર થતા રમણભાઈ વાઘેલાએ મકાન બનાવવાની શરૂઆત કરતા અગમ્ય કારણોસર તેમની બહેને ભાઈનું મકાન બનતું અટકાવવા રોડા નાખવાનું શરૂ કર્યું હતું અને કલેકટર અને પોલીસને મકાન અટકાવવા અરજી આપવાની અને કેસ કરવાની સતત ધમકી આપતા માંડ માંડ પાકુ મકાન બની રહ્યું છે ત્યારે બહેન જ વિલન બનતા છેલ્લા કેટલાક દીવસથી ઘર નહિ બને તેની ચિંતામાં રહેતા હતા આખરે બહેનના અસહ્ય બનેલા માનશીક ત્રાસના પગલે ગુરુવારે રમણભાઈ વાઘેલાએ ઝેરી દવા ગટગટાવી લેતા પરિવારજનોને જાણ થતા બેભાન અવ્યસ્થામાં રમણભાઈ ને સારવાર અર્થે મોડાસા સાર્વજનીક હોસ્પિટલમાં ખસેડાયા હતા ફરજ પરના તબીબોએ યુવકની હાલત ગંભીર હોવાનું જણાવતા પરિવારજનો ચિંતામાં સરી પડ્યા હતા હોસ્પિટલમાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. આત્મહત્યાનો પ્રયાસ કરનાર રમણભાઈ વાઘેલાની પુત્રીના જણાવ્યા અનુસાર મારા દાદા-દાદી મરી ગયા ત્યારથી મારી ફોઈ મારા પપ્પાને ત્રાસ આપે છે અને મકાન પણ તોડી પાડવાની ધમકી આપતા મારી પપ્પાએ ઝેરી દવા ગટગટાવી લીધી છે.

# મોડાસા : વ્યવહાર કરી દેજો.. GST નંબર આપી દેશું, GST અધિકારી સાથેની વાતચીતનો ઓડિયો વાઈરલ, કચેરી વહીવટદારોના ભરોસે..!!

અરવલ્લી જિલ્લામાં જીએસટી કચેરી વિવાદોમાં આવી ગઈ હોય તેવું લાગી રહ્યું છે. થોડા દિવસ પહેલા એક જ ફ્લેટના બે મકાનોમાં બોગસ જીએસટી નંબર ફાળવી દેવાનું કૌભાંડ સામે આવ્યું હતું તો હવે જીએસટી નંબર લેવા માટે વ્યવહાર કરવા માટેનો ઓડિયા ક્લીપ વાઈરલ થયો છે.સરકારી કચેરીઓમાં પૈસા આપ્યા વિના કામ નથી થતું તેવી વાતોએ જોર પકડ્યું હતું, પણ હવે લોકો એટલી હદે કંટાળી ગયા છે કે સરકારી કચેરીઓમાંથી કામ કઢાવવું અઘરું બન્યું છે.

### સ્ટેટ જીએસટીના અધિકારીની બે એજન્ટ કરે છે સ્પોટ વિઝિટ

સામાન્ય રીતે જીએસટીની ઓનલાઈન પોર્ટલ પર અરજી કરી નંબર મેળવવામાં આવતો હોય છે ત્યારે આધાર અને પાન કાર્ડ વેરિફિકેશન ન થાય તો અધિકારીએ સ્પોટ વિઝિટ કરવાની હોય છે, પણ અરવલ્લી જિલ્લામાં સેન્ટ્રલ જીએસટી કચેરીના અધિકારી જાતે નથી જતાં પણ તેમના એજન્ટને મોકલી દે છે. આવો એક કિસ્સો વરથુમાં થયું હતો, જેનો ઓડિયો પણ વઈરલ થયો છે, જેમાં અરજદારને એજન્ટ ફોન કરે છે અને સ્પોટ વિઝિટ માટે જણાવે છે, પણ અરજદારે કહે છે કે, અધિકારી ક્યાં છે, તો એજન્ટ જણાવે છે કે, સાહેબે મોકલેલ છે, પણ અરજદાર ના પાડીને ફોન કટ કરી દે છે. સરકાર લાખો રૂપિયાનો પગાર ચુકવે છે પણ અધિકારીઓને કામ કરવામાં જરાય રસ નથી અને માત્ર લોકોને હેરાન કરીને વ્યવહાર કરવામાં રસ હોય તેવું ઓડિયો ક્લીપ પરથી લાગી રહ્યું છે. અધિકારીઓ જીએસટી નંબર ફાળવવામાં આનાકાની કરતા હોવાને કારણે વેપારીઓએ આર્થિક રીતે ભાંગી પડ્યા હોય તેવું પણ લાગી રહ્યું છે.

જીએસટી કચેરીના અધિકારી અને વહીવટદાર સાથે બે વેપારીની વહેવાર કરી દેવાની અને સ્પોટ વિઝીટ અધિકારીઓના રાખેલા વહીવટદારો કરતા હોવાની ઓડિયો કલીપ સોશ્યલ મીડિયામાં વાઈરલ થતા વેપારીઓને કનડગત કરતા લાંચિયા અધિકારીઓ અને વહીવટદારો સામે રાજ્ય સરકાર તપાસ કરાવેની માંગ પ્રબળ બની છે (ગાંધીનગર સમાચાર ઓડિયો કલીપની પુષ્ટી નથી કરતુ)

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાની જીએસટી કચેરીએથી ફાળવવામાં આવતા જીએસટી નંબર આપવામાં અધિકારીઓ આનાકાની કરી રહ્યા છે. ઓનલાઈન પોર્ટલ પર અરજી કર્યા પછી જીએસટી નંબર માટે બન્ને જિલ્લાની કોઈપણ કચેરીના અધિકારી પાસે અરજી ઓનલાઈન પહોંચી




જાય છે, પણ કેટલાક લાંચિયા અધિકારીઓને કારણે વેપારીઓએ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેનો પુરાવારૂપે ઓડિયો કલીપ વાઈરલ થઈ છે, જેમાં સેન્ટ્રલ જીએસટી કચેરીનો અધિકારી જણાવે છે કે, જે વ્યવહાર હોય તે સમજી લેજો.

સ્ટેટ અને સેન્ટ્રલ જીએસટી કચેરીમાં એટલી હદી કાવાદાવા ચાલી રહ્યા છે કે, તેની હદ થઈ ગઈ છે. આ પહેલા મોડાસા ખાતે આવેલી જીએસટી કચેરીથી રામપાર્ક વિસ્તારમાં રહેતા વ્યક્તિએ અરજી ન કરી હોય તેમ છતાં તેમના મકાન નંબર પર જીએસટી નંબર ફાળવી દેવાયો હતો, હદ તો ત્યાં થઈ કે, એ જ ફ્લેટમાં મકાન ન હોવા છતાં જીએસટી નંબર અધિકારીઓએ ફાળવી દીધો હતો. આવી ઘોર બેદરકારી કરવા છતાં અધિકારીઓના પેટનું પાણી હલતું નથી અને વ્યવહાર કરવાની વાતો કરી રહ્યા છે.

# મોડાસા : પોસ્ટ ઓફિસ નજીક ગાય ભુરાંટી બની, રાહદારીઓ અને બાઈક ચાલકોને સીંગડે ભરાવ્યા, બજારમાં ભારે નાસભાગ મચી

મોડાસા શહેરમાં ચારેતરફ રખડતા-ભટકતા ઢોરોની સમસ્યા હવે નવી વાત નથી રહી, પણ સંલગ્ન તંત્રોની નબળાઈ, ઉદાસીનતા કે નષ્ક્રિયતાનો ભોગ લોકો બનવા લાગે ત્યારે જનરોષ વધતો હોય છે. ચોમાસાની ઋતુમ સાંજ પડતાની સાથે રખડતા પશુઓ શહેરના મુખ્ય માર્ગો પર અડીંગો જમાવી દે છે મોડાસા શહેરના પોસ્ટ ઓફીસ રોડ પર રાત્રીના સુમારે ભુરાંટી બની વાહનચાલકો અને રાહદારીઓને શીંગડે ભરાવતા લોકોમાં ભારે નાસભાગ મચી હતી રોડ પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓ પાછળ દોડતી ભુરાંટી ગાયે સમગ્ર વિસ્તાર બાનમાં લીધો હોય તેવી સ્થીતીનું નિર્માણ થયું હતું મોડાસા નગરપાલિકા તંત્ર રખડતા ઢોરને પાંજરે પુરી યોગ્ય કાર્યવાહી કરેની માંગ પ્રબળ બની છ.


મોડાસા શહેરમાં રખડતી ગાયોની રંજાડથી રોડ પરથી પસાર થવું રાહદારીઓ અને વાહન ચાલકો માટે જોખમી બન્યું છે.



મોડાસા શહેરના ડીપ વીસ્તારથી કોલેજ રોડ તેમજ માલપુર અને મેઘરજ રોડ પર રખડતા પશુઓથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે ચાર રસ્તા ચોકડી થી બસ સુધીના મુખ્ય માર્ગ પર જ ગાયોના અડિંગાને લઈ રોજબરોજ ટ્રાફિકજામના દ્રશ્યો જોવા મળી રહ્યા છે ત્યારે ગુરુવારે રાત્રે ૮ વાગ્યાની આસપાસ મુખ્ય બજારમાં પોસ્ટ ઓફીસ રોડ પર ભુરાંટી થયેલ ગાયે ત્રણ વ્યક્તિઓને અડફેટે લીધા હતા જેમાં બે લોકોને હળવી ઈજા થઈ હતી. બીજી બાજુ રખડતાં ઢોર નિયંત્રણ કરવામાં નિષ્ફળ રહેલ પાલિકા દ્વારા દરવર્ષે રખડતા પશુઓ પકડવાનું માત્ર નાટક જ કરવામાં આવતું હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

### મેઘરજ તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન પદે ચૂંટાયા

બાયડ : મેઘરજ તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન તરીકે



ઈસરી ગામના મોતીભાઈ કે. પટેલ ચૂંટાઈ આવતાં સર્વ સભ્યો અને સભાસદોએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

પ્રાપ્ત જાણકારી અનુસાર સહકારી માળખામાં સ્વચ્છ પ્રતિભાવોના આવવાના કારણે ગામડાઓ અને ખેડૂત વધુ સમૃદ્ધ બને તેવી સંભાવના જોવામાં આવે છે. ઈસરી ગામના, આંજણા પાટીદાર સમાજના અગ્રણી અને પૂર્વ સરપંચ તેમજ ભાજપના પાયાના કાર્યકર મોતીભાઈ કે. પટેલ મેઘરજ તાલુકા ખરીદ વેચાણ સંઘના ચેરમેન પદે ચૂંટાઈ આવતાં આંજણા ચૌધરી સમાજ સાબરકાંઠા, અરવલ્લીના કેશુભાઈ પી. પટેલ (મોટાકોટડા) સહિત સમાજના આગેવાનોએ અભિનંદન પાઠવ્યા હતા.

# ભ્રષ્ટાચારની છત ધરાશાયી : માલપુર કાસવાડા હજુ પંચાયતનું મકાન બની રહ્યું છે ને છત અને સીડી તુટી પડ્યા, હલકી ગુણવત્તાની કામગીરીની બૂમ

અરવલ્લી જીલ્લામાં વિકાસના કામોમાં ભારે ભ્રષ્ટાચાર થતો હોવાની બૂમો ઉઠી રહી છે વિકાસના કામોની ગ્રાન્ટમાંથી બારોબાર ૪૦ ટકા રકમ સરકારી બાબુઓના ખિસ્સામાં જતી હોવાની ચર્ચાઓ ચાલી રહી છે જીલ્લામાં કોઈ રણીધણી જ ન હોય તેમ વિકાસના કામોમાં ભારે ભ્રષ્ટાચાર આદરી કોન્ટ્રાકટર અધિકારીઓ તેમજ સ્થાનીક પદાધિકારીઓની મીલીભગત થી હલકી કક્ષાના ગુણવત્તા વગરના કામો કરવામાં આવી રહ્યા છે જીલ્લામાં છેલ્લા ૧૦ વર્ષમાં ગ્રાન્ટમાંથી થયેલ વિકાસના કામોની વીજીલન્સ દ્વારા તપાસ કરવામાં આવે તો કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર બહાર આવે તો નવાઈ નહિ...!!

માલપુર તાલુકાના કાસવાડા ગામમાં ગ્રામ પંચાયત ભવનનું નવ નિર્માણ થઈ રહેલા મકાનની કામગીરીમાં ભારે ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોય તેમ પ્રથમ વરસાદમાં જ છત અને સીડી તૂટી પડતા કોન્ટ્રાકટર પંચાયત ભવનના મકાનના નિર્માણમાં હલકી કક્ષાનું



મટેરીયલ વાપર્યું હોવાની બૂમો ઉઠી રહી છે પંચાયત ભવનનું મકાન હજુ તો નિર્માણ પણ નથી થયું ને ધરાશાયી થતા લોકોમાં ભારે આક્રોશ પ્રવર્તી રહ્યો છે પંચાયત ભવનના નિર્માણ સમયે સરકારી બાબુઓની પણ મીલીભગત હોવાનું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે.

કાસવાડામાં નવીન બની રહેલા પંચાયત ભવનની છત અને સીડી તૂટી પડતા આ અંગે માલપુર તાલુકા વિકાસ અધિકારી અને ગ્રામ પંચાયતના તલાટીનો વારંવાર સંપર્ક કરવાનો પ્રયત્ન કરવા છતાં પ્રયત્ન થઈ શક્યો ન હતો.

ભ્રષ્ટાચારરૂપી પંચાયત ભવનનું નિર્માણ કરનાર કોન્ટ્રાકટર અને જવાબદાર અધિકારીઓ સામે વિજીલન્સ ટીમ દ્વારા તપાસ કરી ભ્રષ્ટાચારીઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેની લોક માંગ પ્રબળ બની છે.

# અરવલ્લી : ટીંટોઈમાં મસ્ક્યુલર ડિસ્ટ્રોફીથી પીડાતા ૯ વર્ષીય બાળકના ગરીબ પરિવારે મીડિયા સમક્ષ મદદ માટે ગુહાર નાખી, બીમારીનો ૨૦ લાખ ખર્ચ

થોડા મહીના અગાઉ જીસ્છ -૧ નામની ગંભીર બીમારીથી પીડાતા ધૈર્યરાજ સિંહ રાઠોડ નામના ત્રણ મહિનાના બાળકની સારવાર માટે ૨૨ કરોડના ઈન્જેક્શનની જરૂર પડતા બાળકના માતા-પિતાએ મીડિયા અને સોશ્યલ મીડિયા થકી સરકાર અને લોકો સામે મદદ માટે હાથ લંબાવતા ગુજરાતમાં ચારેતરફથી બાળકની મદદ માટે લોકો આગળ આવ્યા હતા અને ધૈર્યરાજસિંહને નવજીવન મળ્યું હતું ત્યારે અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના ટીંટોઈ ગામે એક ગરીબ પરીવારનું ૯ વર્ષીય બાળક મસ્કયુલર ડિસ્ટ્રોફીથી પીડાઈ રહ્યું છે આર્થીક રીતે સક્ષમ ન હોવા છતાં અનેક ખાનગી અને સરકારી દવાખાનામાં સારવાર કરાવ્યા પછી પણ બાળકની બીમારી ઓછી ન થતા અને બાળકને અસહ્ય પીડા થતા ગરીબ પરિવારે બાળકની સારવાર ખુબ ખર્ચાળ હોવાથી સરકાર અને





લોકોને મદદ માટે મીડિયાનો સહારો લેવાની ફરજ પડી છે.

મસલ્સને વીક બનાવતા રોગને મસ્ક્યુલર ડિસ્ટ્રોફી તરીકે ઓળખવામાં આવે છે બાળકને આ બિમારીથી નિદાન થાય છે, ત્યારે તે ધીમે ધીમે ચાલવા, આરામદાયક શ્વાસ લેવા અથવા તેના હાથ અને પગને ખસેડવાની ક્ષમતા ગુમાવી દે છે. નબળાઈ ધીમે ધીમે અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ તરફ દોરી જાય છે.ત્યારે ટીંટોઈ ગામનો ૯ વર્ષીય બાળક મસ્કયુલર ડિસ્ટ્રોફીનો ભોગ બનતા ગરીબ પરીવાર પર આભ તૂટી પડ્યું છે.

ટીંટોઈ ગામના વસંતભાઈ પરમારના ઘરે ૯ વર્ષ પહેલા અંશ નામના દીકરાનો જન્મ થયો ત્યારે ઉલ્લાસ ભર્યો માહોલ હતો પરંતુ આ ખુશી થોડો સમય પણ ટકી નહીં તેમના બાળકને શારિરીક તકલીફ થતા તબીબને બતાવતા તબીબે બાળકને મસલ્સ ડિસ્ટ્રોફી નામની બીમારી હોવાનું જણાવતા ગરીબ પરીવાર આઘાતમાં સરી પડ્યો હતો અને બાળકને ગંભીર બીમારીમાંથી છુટકારો મળે તે માટે છેલ્લા ૯ વર્ષથી અનેક દવાખાનાના પગથિયા ચઢી થાકી ગયા છે તેમ છતાં બાળકની બીમારી દિવસે દિવસે ગંભીર થતા ૯ વર્ષીય અંશને અસહ્ય પીડા પરીવાર ભારે વ્યાકુળ બન્યો છે મસ્કયુલર ડિસ્ટ્રોફીની સારવાર માટે ૨૦ લાખ રૂપિયા જેટલો તોતિંગ ખર્ચ થતો હોવાથી પરીવાર બાળકની સારવાર કરાવવા લાચારી અનુભવી રહ્યો છે.

### અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચા કોષાધ્યક્ષ તરીકે નિયુક્તિ

બાયડ : અરવલ્લી જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ નેહાબેન એચ. પટેલે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલના અનુમોદનથી ધનસુરા તાલુકાના શીકા ગામના અંકિતાબેન જનકભાઈ પ્રજાપતિની જિલ્લા ભાજપ મહિલા મોરચા કોષાધ્યક્ષ



તરીકે નિયુક્તિ કરતાં સર્વ ભાજપના મહિલા આગેવાનો તેમજ પ્રજાપતિ સમાજના આગેવાનોએ તેમની નિયુક્તિને આવકારી અભિનંદન પાઠવ્યા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# ઉત્તર ગુજરાતની ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ૩૩૬ શિક્ષણ સહાયકોને ૬ ઓગષ્ટે નિમણૂંકપત્રો અપાશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૩૦

ઉત્તર ગુજરાતની ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કુલ-૩૩૬ શિક્ષણ સહાયકોની નિમણૂંક કરવામાં આવી છે જેમાં ૬ ઓગષ્ટના રોજ તમામ શિક્ષણ સહાયકોને નિમણૂંકપત્રો આપવાનું આયોજન કરાયું છે. હાલમાં શિક્ષણ સહાયકોને શાળાની ફાળવણી કરી દેવામાં આવી છે જેથી ઉમેદવારોએ ફાળવણીપત્ર ડાઉનલોડ કરી જિલ્લા મથકે ભલામણપત્ર અને નિમણૂંક હુકમ માટે ઉપસ્થિત રહેવું પડશે. જ્યારે નિમણૂંક હુકમો આપ્યા પછી શિક્ષકોને ૭ દિવસમાં હાજર કરવા માટે પણ સંચાલકોને સૂચના આપવામાં આવી છે.

રાજયની બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયકોની ભરતી અન્વયે ઉમેદવારોને ઓનલાઈન શાળા ફાળવણી કરવામાં આવી છે. ઓનલાઈન શાળા ફાળવણીપત્રો ઉમેદવારો ૬ ઓગષ્ટ સુધી ડાઉનલોડ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ફાળવણીપત્ર ડાઉનલોડ કરી ૬ ઓગષ્ટના રોજ જિલ્લા મથકે ભલામણપત્ર અને નિમણૂંક હુકમ મેળવવા માટે ઉમેદવારોએ ઉપસ્થિત રહેવું પડશે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા, અરવલ્લી, મહેસાણા અને પાટણ જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં પસંદગી પામેલા શિક્ષણ સહાયકોએ ફોજદારી ગુનો ન હોવા અંગેનું નિયત નમૂનાનું સોગંદનામું તેમજ સારી ચાલચલગત હોવા અંગેનું અધિકારીનું પ્રમાણપત્ર નિમણૂંકવાળી કચેરીમાં હાજર થતા સમયે રજૂ કરવાનું રહેશે. જિલ્લા મથકે ઉમેદવાર પોતાના શાળા ફાળવણીપત્રની નકલ, તમામ અસલ પ્રમાણપત્રો તેમજ તેની સ્વપ્રમાણિત નકલ સાથે ઉપસ્થિત રહેવું પડશે. કોરોના મહામારીના કારણે ઉમેદવાર ફાળવણીપત્રની હાડકોપી મેળવી શક્યા ન હોય તો સોફ્ટ કોપી સ્વીકૃત ગણવામાં આવશે. ઉમેદવારને હાજર કરતા પૂર્વે શાળા સંચાલક મંડળે ઉમેદવારોના અલગ ગુણપત્રકો તથા તેની નકલો ખરાઈ અર્થે ૬ મહિના માટે જમા લેવાની રહેશે.

**કયા જિલ્લામાં કેટલા શિક્ષણ સહાયકોની નિમણૂંક..**

| જિલ્લો | નિમણૂંક સંખ્યા |
|---|---|
| સાબરકાંઠા | ૧૬૫ |
| બનાસકાંઠા | ૧૩૯ |
| અરવલ્લી | ૧૩૭ |
| મહેસાણા | ૧૬૯ |
| પાટણ | ૪૯ |

# જિલ્લામાં શ્રાવણ માસ ઉજવવા સજ્જ થતાં શિવાલયો

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં શ્રાવણ માસની ઉજવણી માટે ભક્તોમાં અત્યારથી અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. આ વર્ષે શ્રાવણ મહિનાનું વિશેષ મહત્વ રહેવાનું છે જેમાં શ્રાવણ માસની શરૂઆત સોમવારથી અને પૂર્ણાહૂતિ પણ સોમવારથી થનાર હોવાથી ભગવાન ભોળાનાથની ઉપાસનામાં તેની આસ્થાપૂર્વક નોંધ લેવાઈ છે. શ્રાવણ માસ નજીક આવતાં જ જિલ્લાના ૩૦૦૦થી પ્રસિદ્ધ શિવાલયોમાં તૈયારીઓ આરંભી દેવાઈ છે.

દર વર્ષે જિલ્લામાં ભગવાન ભોળાનાથના ભક્તો આસ્થાપૂર્વક શ્રાવણ માસની ઉજવણી કરતા હોય છે. પરંતુ છેલ્લા ૧૬ મહિનાથી કોરોનાનું સંક્રમણ હાવિ થયું હોવાથી ગત શ્રાવણ માસની ઉજવણીમાં શિવમંદિરોના સાનિધ્યમાં યોજાતા લોકમેળા ફિક્કા બની રહ્યા હતા. જ્યારે આ વર્ષે પણ લોકમેળાઓ ઉપર સરકારે પાબંધી લગાવી છે પરંતુ શ્રાવણમાં શિવ આરાધના માટે ભક્તો ઉત્સાહમાં આવ્યા છે. તાજેતરમાં સરકારે જાહેર કાર્યક્રમોમાં ૪૦૦ વ્યક્તિઓની છૂટ આપી હોવાથી શિવમંદિરોના સાનિધ્યમાં સરકારની ગાઈડલાઈન અનુસાર શિવ મહાપૂજા સહિતના



આયોજનો કરવા માટે તૈયારીઓ શરૂ થઈ છે. જિલ્લાના પ્રસિદ્ધ શિવાલયોમાં શ્રાવણ માસ દરમ્યાન ભક્તો ભગવાન ભોળાનાથની પૂજા-અર્ચના કરી શકે તે માટે વ્યવસ્થાઓ ગોઠવાઈ રહી છે. આ વર્ષે સોમવારનો વિશિષ્ટ યોગ શ્રાવણ માસ દરમ્યાન જોવા મળવાનો છે જેમાં સોમવારે પ્રારંભ અને પૂર્ણાહૂતિ પણ સોમવારે થતી હોવાથી શિવભક્તોનો ઉત્સાહ બેવડાયો છે. શિવપૂજામાં સોમવારનું સવિશેષ મહત્વ રહેલું છે જેના કારણે શિવજીને પ્રસન્ન કરવા માટે ભક્તોએ વિદ્વાન બ્રાહ્મણો પાસે શિવપૂજા કરાવવાનું નક્કી કર્યું છે. દર વર્ષે શ્રાવણ માસ શરૂ થાય એટલે હરહર મહાદેવના નાદ શિવાલયોમાં ગુંજી ઉઠતા હોય છે પરંતુ કોરોનાના કારણે ગત શ્રાવણ માસમાં સામૂહીક શિવપૂજાના આયોજનો થઈ શક્યાં ન હતાં પરંતુ હવે સંક્રમણ ઘટતાં બંન્ને જિલ્લાના પ્રસિદ્ધ શિવાલયોમાં સામૂહીક પૂંજાના આયોજનો થઈ શકે છે. શ્રાવણ માસ દરમ્યાન શુભ યોગ હોવાના કારણે આખો મહિનો શિવાલયોમાં ભક્તોની ચહલ પહલ નજરે પડી શકે છે.